ઉંચા નીચા ભેદ ન જાણું, સૌને ચાહું સમાન, સૌને આવું હું ખપમાં મુજ કાયા વજ સમાન, એવું શરીરનું બળ આપ

## રાજ્યમાં વધુ ૩૨૪ નવા કેસ : અમદાવાદમાં ૨૬૫ : ગાંધીનગરમાં ૦૪

ઘરમાં રહો સુરક્ષિત રહો

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

આ વેકેશન નથી મેડીકલ ઈમરજન્સી છે

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૬૫ | ૧૫ મે, ૨૦૨૦, શુક્રવાર; વૈશાખ વદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# દેશમાં ૨૪ કલાકમાં ૩૭૬૯ પોઝિટિવ કેસ

**ભારતમાં કોરોના સંક્રમિતોનો કુલ આંકડો ૭૮૦૦૦ને પાર : : ૧૩૪ના મોત : કુલ મૃત્યુઆંક ૨૫૪૯એ પહોંચ્યો : ભારત કોરોના વાયરસના ૭૫,૦૦૦ કેસનો આંકડો પાર કરનારો ૧૨મો દેશ : ચીનમાં કોરોનાના ૮૨૦૦૦ કેસમાંથી ફક્ત ૧૦૧ કેસ જ એક્ટિવ જ્યારે ભારતમાં ૭૮૦૦૦ કેસોમાંથી ૪૯૨૧૯ એક્ટિવ**

ન્યુ દિલ્હી,તા.૧૪

ભારતની ચીન સાથે વસ્તીની સંખ્યાને લઈને સરખામણી થતી હોય છે. જેમ કે વસ્તીની દ્રષ્ટિએ ચીન સૌથી આગળ અને ભારત ૧૩૫ કરોડની વસ્તી સાથે ચીન પછી બીજાનંબરે છે. કોરોના મહામારીમા પણ ભારત જાણે કે ચીનની નજીક પહોંચી રહ્યું હોય તેમ ભારતના કોરોના પોઝીટીવના કેસો ચીનની લગોલગ પહોંચવામાં છે. કોરોના નોવેલ વાઈરસ કોવિડ-૧૯ની શરૂઆત ચીનની વુહાનમાંથી શરૂ થઈ હતી. જો કો ભારતમાં બીજુ વુહાન બનતા બનતા અમદાવાદ અટકી ગયુ તે એક અલગ બાબત છે. પણ કેસોની તુલનામાં ભારત હવે ચીનની નજીક પહોંચશે. ચીનમાં ૮૨ હજાર કરતાં વધુ કેસો નોંધાયા તો ભારત પણ ૮૦ હજારની નજીકમાં જ છે. જો કે ભારતમાં કોરોનાનો મૃત્યુઆંક હજુ



ચીન કરતાં ઓછો છે.

સૂત્રોએ કહ્યું કે વર્તમાન ભારત સરકાર ચીન સાથે દોસ્તીના મૂડમાં અને મોડમાં હતી. ચીનના સુપ્રિમો જિનપિંગને બબ્બેવાર ભારત બોલાવીને તેમની મોંઘી આગતાસ્વાગતા કરવામાં આવી પરંતુ બદલામાં ચીને ભારતને પણ કોરોનાની ભેટ આપીને ભારતના અર્થતંત્રને અસર પહોંચાડી છે. અને ભારતમાં પણ કોરોનાના કેસો બે મહિનામાં વધીને ૮૦ હજારની નજીકમાં છે.

દેશમાં કોરોના વાયરસના મામલામાં ઝડપથી વધારો નોંધાઈ રહ્યો છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન દેશમાં કોરોનાના નવા ૩૭૦૦થી વધુ કેસ નોંધાયા છે. આ સાથે જ દેશમાં કોરોના વાયરસથી સંક્રમીત લોકોનો આંકડો વધીને ૭૮૦૦૩ સુધી પહોંચી ગયો છે. બુધવારે સવારે નવ વાગ્યાથી ગુરૂવારે સવારે ૯ વાગ્યા સુધીમાં દેશમાં કોરોના વાયરસના નવા ૩૭૨૨ નવા કેસ નોંધાયા છે. જ્યારે છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં કોરોના વાયરસના સંક્રમણને મહાત આપીને ૧૮૪૯ લોકો સ્વસ્થ થવામાં સફળ રહ્યા છે.

૭૮૦૦૩ કોરોના વાયરસના તમામ કેસ સાથે ભારત દુનિયામાં સૌથી વધારે કોરોના વાયરસના કેસ ધરાવતા દેશોમાં ચીનની નજીક પહોંચી ગયો છે. ચીન તરફથી જાહેર કરેલા આંકડા પ્રમાણે ત્યાં ૮૨૯૨૯ કેસ નોંધાઈ ચૂક્યા છે અને ૪૬૩૩ લોકોના મોત નિપજી ચૂક્યા છે. જોકે, ચીનમાં અત્યાર સુધીમાં ૭૮૦૦૦થી વધુ લોકો સ્વસ્થ્ય થઈ ચૂક્યા છે. જ્યારે ભારત કોરોના વાયરસના એક્ટિવ કેસની સંખ્યા ૪૯૨૧૯ સુધી પહોંચી ગઈ છે.

# વિશ્વભરમાં કેસોની સંખ્યા ૪૪૭૮૫૬૫ થઈ

**એક્ટિવ કેસોની સંખ્યા ૨૪૮૦૦૩૭ થઇ : રિકવર કેસોની સંખ્યા વધીને ૧૬૭૨૬૬૯ ઉપર પહોંચી ગંભીર દર્દીઓની સંખ્યામાં ઉલ્લેખનીય ઘટાડો નોંધાયો**

નવી દિલ્હી,તા.૧૪

વિશ્વમાં કોરોનાગ્રસ્ત દેશોની હાલત ખુબ જ ખરાબ બનેલી છે. કોરોના કારણે અર્થતંત્ર પર પણ ભારે નુકસાન થઈ રહ્યું છે. આકંડો હવે ૪૩૬૧૬૫૪ સુધી પહોંચી ગઈ છે એટલે કે આંકડો હવે ૪૪ લાખથી પણ ઉપર થઈ ગયો છે. દુનિયાભરમાં રિકવર થયેલા લોકોની સંખ્યા ૧૬૭૨૬૬૯ સુધી પહોંચી ગઈ છે જ્યારે એક્ટિવ કેસોની સંખ્યા પણ વધીને ૨૪૮૦૦૩૭ પર પહોંચી ચુકી છે. દુનિયામાં મોતનો આંકડો પણ સતત વધી રહ્યો છે આંકડો વધીને ૨૯૮૫૨૦ ઉપર પહોંચી રહ્યો છે. ગંભીર રહેલા દર્દીઓની સંખ્યા ૪૫૯૩૬ પર પહોંચી ચુકી છે. લોકડાઉનના નિયમોને વધારે કઠોર કરવામાં આવી રહ્યા છે. ચીનમાં પણ કેટલાક નવા કેસો સપાટી પર આવ્યા છે. ભારતમાં પણ કેસોની સંખ્યામાં હવે ઝડપથી વધારો થઈ

● અનુસંધાન પાન-૭ પર

## અમેરિકામાં કોરોનાના કેસોની સંખ્યા વધીને ૧૪ લાખને પાર

વોશિંગ્ટન,તા.૧૩

દુનિયામાં સૌથી પ્રભાવિત દેશોની વાત કરવામાં આવે તો અમેરિકા પ્રથમ ક્રમ આવે છે. અમેરિકામાં સ્થિતિ ખુબ જ વણસી ચુકી છે. અમેરિકામાં કેસોની સંખ્યા ૧૪૩૦૩૪૮ ઉપર પહોંચી ચુકી છે. અમેરિકામાં આજે અનેક નવા કેસ સપાટી ઉપર આવ્યા હતા જ્યારે મોતનો આંકડો વધીને ૮૫૧૯૭ ઉપર પહોંચી ચુક્યો છે. અમેરિકામાં સતત કેસોની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. અમેરિકામાં રિકવર થયેલા લોકોની વાત કરવામાં આવે તો તેમાં પણ વધારો થઈ રહ્યો છે. આંકડો ૩૧૦૨૫૯ પહોંચી ચુક્યો છે. એક્ટિવ કેસોમાં પણ વધારો થઈ રહ્યો છે. એક્ટિવ કેસોની સંખ્યા વધીને ૧૦૩૪૮૯૨ ઉપર પહોંચી ચુકી છે.

## છેલ્લે... છેલ્લે...

- મધ્યપ્રદેશ ૧૪ પ્રવાસી મજુરોનું અકસ્માતમાં મોત. જ્યારે ૫૦થી વધુને ઈજાઓ થવા પામી હતી.
- કેરળમાં ચોમાસાનો પ્રારંભ ૧૬મીથી થશે એવી હવામાન વિભાગની આગાહી.
- એરપોર્ટ પર ૩૫૦ મીલી. સેનેટાઈઝર બેઠક સુધી લઈ જવાની મંજુરી અપાઈ.
- કેરળમાં વધુ ૨૬ કેસ નોંધાતા દોડધામ. જેમાં ૧૪ અન્ય રાજ્યોમાંથી અને ૭ વિદેશી નાગરિકોનો સમાવેશ થાય છે.
- દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે ૧૫મી સુધી લોકડાઉન અંગે પોતાની દરખાસ્ત કેન્દ્રને મોકલી આપશે.
- દહેજ અને ભરૂચ વચ્ચે પ્રવાસી શ્રમિકોએ બે કલાક સુધી હાઈવેને બ્લોક કરી દીધો હતો.
- દેશમાં સૌથી વધુ કોરોના સંક્રમિત રાજ્યો.

| | |
|---|---|
| મહારાષ્ટ્ર | ૨૭૫૨૪ |
| તામીલનાડુ | ૯૬૭૪ |
| ગુજરાત | ૯૫૯૨ |
| દિલ્હી | ૮૪૭૦ |
| મધ્યપ્રદેશ | ૪૪૨૬ |
| રાજસ્થાન | ૪૪૧૮ |

# ખેડૂતોને ૮૬,૦૦૦ કરોડની લોન

**શ્રમિકોને બે મહિના મફ્ત રાશન : ૨૦ લાખ કરોડના પેકેજનો પાર્ટ-૨, ખેડૂતો, શ્રમિકો, મહિલાઓ માટે યોજનાઓ જાહેર : નાના ખેડૂતો માટે ૩૦ હજાર કરોડના ફંડની રચના કરાશે, પરપ્રાંતીય મજૂરો માટે ખાસ 'વન નેશન વન રેશન કાર્ડ' યોજનાની જાહેરાત, મનરેગામાં મળશે કામ, ખેડૂતોને ખેતી માટે રૂપિયા ૮૬,૬૦૦ કરોડની લોન, ૩૧ મે સુધી વ્યાજમાંથી છૂટ**



શ્રીનગર, તા. ૮

નાણાં પ્રધાન નિર્મલા સીતારામને ગુરુવારે આર્થિક પેકેજના બીજા હપતાની વિગતો આપી. નાણાં પ્રધાને કહ્યું કે આજે મજૂરો, શેરી વિક્રેતાઓ અને નાના ખેડુતો માટે ઘોષણા કરવામાં આવશે. નાણાં પ્રધાને કહ્યું કે સરકારનું ધ્યાન ગરીબ અને કામદારો પર છે. ૩૧ મે સુધી ખેડૂતોને લોનમાં વ્યાજ પર છૂટ આપવામાં આવી છે. નાના ખેડુતોને રાહત દરે ૪ લાખ કરોડની લોન આપવાની જાહેરાત કરી. નાણાં રાજ્યમંત્રી અનુરાગ ઠાકુરે કહ્યું, "આ સરકાર ગરીબો માટે છે. અમારે ગરીબોમાં સૌથી વધુ ગરીબ લોકોને મદદ કરવી છે. મોદી સરકારે ગરીબોને ઉત્થાન

● અનુસંધાન પાન-૭ પર

## માલ્યાની પ્રત્યાર્પણ વિરૂદ્ધ અપીલ લંડન હાઈકોર્ટે ફગાવી

નવી દિલ્હી, તા. ૧૪

ભાગેડુ દારૂ ઉદ્યોગપતિ વિજય માલ્યાને બ્રિટિશ હાઈકોર્ટનો મોટો ઝટકો લાગ્યો છે. બ્રિટનની હાઈ કોર્ટે વિજય માલ્યાને ભારત પ્રત્યાર્પણ વિરુદ્ધ સુપ્રીમ કોર્ટમાં અપીલ કરવાની મંજૂરી આપતી અરજીને ફગાવી દીધી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર માલ્યા પાસે કાયદેસરનો કોઈ રસ્તો બાકી નથી અને તેને ૨૮ દિવસમાં ભારતને સોંપવામાં આવી શકે છે. કહેવામાં આવી રહ્યું છે કે યુકેના ગૃહ સચિવે ૨૮ દિવસમાં મલયના પ્રત્યાર્પણના કાગળ પર સહી કરવી પડશે. આ પછી, યુકેના સંબંધિત વિભાગ મલાયાના પ્રત્યાર્પણ અંગે ભારતીય અધિકારીઓ સાથે સંકલન કરશે. સમજાવો કે બ્રિટીશ હાઈકોર્ટે ગયા માસે વિજય માલ્યાના પ્રત્યાર્પણ વિરુદ્ધ દાખલ કરેલી અરજી નામંજૂર કરી હતી. આ અગાઉ દારૂના સોનેરી વિજય માલ્યા, જે ભારતમાં તેમના પ્રત્યાર્પણની લડત લડતા હતા, તેમણે ગુરુવારે સરકારને સો ટકા દેવું ચૂકવવાની તેમની દરખાસ્ત સ્વીકારવા કહ્યું હતું. માલ્યાએ ભારત સરકારને પણ તેમની સામેનો કેસ બંધ કરવાની અપીલ કરી હતી. માલ્યાએ તાજેતરમાં જાહેર કરેલા ૨૦ લાખ કરોડના આર્થિક પેકેજ અંગે ભારત સરકારને અભિનંદન આપતાં, દુઃખ વ્યક્ત કર્યું કે તેમના બાકી લેણાં ચૂકવવાની દરખાસ્તોની

● અનુસંધાન પાન-૭ પર

## રેલવે હવે મેઈલ-એક્સપ્રેસ ટ્રેનો ચલાવશે

ન્યુ દિલ્હી,તા.૧૪

સ્પેશિયલ ટ્રેનો ચલાવ્યા પછી રેલવે હવે વધુ ટ્રેનો ચલાવશે. રેલવે દ્વારા જારી કરવામાં આવેલા એક નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે ભવિષ્યમાં શરૂ થનારી બધી સર્વિસિસ માટે ૧૫ મેથી ટિકિટની બુકિંગ પણ શરૂ કરશે. આ બુકિંગ ૨૨ મેથી શરૂ થતી યાત્રા માટે હશે. રેલવે હવે મેઈલ અને એક્સપ્રેસ ટ્રેનો ચલાવવાની તૈયારી કરી રહી છે. રેલવેએ યાત્રીઓની સંખ્યા પણ નિર્ધારિત કરી દીધી છે. રેલવે મુજબ સ્લીપરમાં ૨૦૦, એસી ચેરકાર અને થર્ડ એસીમાં ૧૦૦, જ્યારે સેકન્ડ એસીમાં ૫૦ લોકો યાત્રા કરી શકશે.

## કોરોના અપડેટ્સ

| ક્યાં | કેસ | મૃત્યુ | રિકવર |
|---|---|---|---|
| વિશ્વ | ૪૪૭૮૫૬૫ | ૩૦૦૨૨૦ | ૧૬૮૪૩૪૯ |
| ભારત | ૮૧૬૫૮ | ૨૬૪૪ | ૨૭૭૭૮ |
| ગુજરાત | ૯૫૯૨ | ૫૮૬ | ૩૭૫૩ |
| ગાંધીનગર | ૧૪૬ | ૦૬ | ૬૧ |

ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ



સદ્ગત શ્રી મનોજભાઈ ભટ્ટ
સ્વ. તા. ૧૧/૦૫/૨૦૨૦

Smart Kids Nursery School Family
Sector-1, Gandhinagar Ph- 6352916756

દુઃખદ અવસાન



સ્વ. વિજયાબેન માણેકલાલ પટેલ (ઊંટવાવાળા)
જન્મ તા.૧૬-૧૧-૧૯૩૩ ● સ્વર્ગવાસ તા.૧૪-૦૫-૨૦૨૦

અમારા પૂ.માતુશ્રી વિજયાબા માણેકલાલ પટેલ તા.૧૪-૦૫-૨૦૨૦ ને ગુરૂવાર ના રોજ દેવલોક પામ્યા છે. વર્તમાન પરિસ્થિતિને કારણે સદ્ગતનું બેસણું કે અન્ય લૌકિક ક્રીયા રાખવામાં આવેલ નથી. આપને નમ્ર વિનંતી છે કે આ સમાચાર જાણી આપ સદ્ગતના આત્માની શાંતિ માટે સ્વગૃહે પ્રાર્થના કરશો. આપની પ્રાર્થના એ જ સાચી શ્રધ્ધાંજલી છે.

રહેઠાણ : ૨૨, સરદાર પટેલ સોસાયટી, કડી.

લિ.

સ્વ.શીવાભાઈ માધવલાલ પટેલ
કાંતિલાલ માધવલાલ પટેલ
સ્વ.માણેકલાલ માધવલાલ પટેલ(સાહેબ)
વિષ્ણુભાઈ માણેકલાલ પટેલ
વલ્લભભાઈ માણેકલાલ પટેલ (સરદાર)
(ચેરમેનશ્રી, સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી-ગાંધીનગર)
(પ્રેસીડેન્ટશ્રી, કડી સર્વ વિશ્વ વિદ્યાલય, ગાંધીનગર)
નિરવ વિષ્ણુભાઈ પટેલ
કનિષ વલ્લભભાઈ પટેલ

ગણેશ કોટન ઈન્ડસ્ટ્રીઝ પરિવાર, કડી